

# મહારથી કર્ણ

પ્રેમશંકર ભટ્ટ

**પ્રકાશન વર્ષ** : પ્રથમ આવૃત્તિ, ૧૯૬૯
ગાંધીજન્મ શતાબ્દી વર્ષ

**પ્રેમશંકર હ. ભટ્ટ**
૧૭, જયભારત સોસાયટી,
સરખેજ રોડ, અમદાવાદ- ૭

**પ્રકાશક** :
કાંતિલાલ ગોવિંદલાલ શાહ
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
મહાત્મા ગાંધી માર્ગ, અમદાવાદ

**કિંમત** : રૂ. ૧-૭૫ પૈસા
**મુદ્રક** : ઠાકોરલાલ ગોવિંદલાલ શાહ
શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ

‘પંચામૃત’ને

પંકમાં પ્રગટે પદ્મો, માટીમાં મણિ પાકતા;

કવિવાણી કરો સાર્થ, ધરીને વિપદે મુદા.

## કાવ્યની ધન્યતા....

**મહાભારતમાં** કર્ણનું પાત્ર ખાસ ધ્યાન ખેંચે તેવું છે. એનો અજ્ઞાત જન્મ, સૂતને ત્યાં ઉછેર, રાજ્યપ્રાપ્તિ, હીન જન્મને કારણે અપમાનસહન, વેરવૃત્તિ અને અહેશાનવૃત્તિથી દુર્યોધનના સ્વામિત્વનો સ્વીકાર, દાનવીરની ઉદારતા વગેરે અનેક ગુણો એના પાત્રને માનવતાભર્યું કરી મૂકે છે. ઘણા કવિઓએ કર્ણ વિષે લખ્યું છે.

પ્રેમશંકર ભટ્ટ આપણા શિષ્ટ કવિઓમાંના એક છે, અને એમણે કર્ણના સમગ્ર જીવનને આવરી લે તેવી રીતે આ કાવ્યગુચ્છ રચ્યો છે. આમાં કર્ણના પાત્રનાં વિવિધ પાસાંનો ઉઠાવ સાચી રીતે થયો છે. માનસિક સંઘર્ષનું નિરૂપણ સચોટ રીતે થયું છે અને કર્ણનું સમગ્ર અને સુરેખ ચિત્ર ઊઠ્યું છે.

પરંપરાગત કાવ્યપ્રણાલિના આ કવિ અચ્છા વિધાયક છે. છન્દ ઉપર એમનું પ્રભુત્વ છે. લાલિત્ય અને ચારુતા છે. ઉપમાદિ અલંકારો યોગ્ય રીતે યોજાયા છે.

**અંકમાં રાખીને સ્નેહે તળાંસે કર્ણ પાયને,**
**મૃગલું મનનું દેતું દોટ ભૂતતણા વને.**

અહીં મનમૃગનું રૂપક સુભગ છે.

**વીજ પ્રપાતે વ્યગ્ર વૃક્ષ કંપે**
**ભૂકંપથી દુર્ગ ડગેમગે, ને**
**વર્ષા પ્રચંડ મહીં નાવ તણી દશા શી,**
**વેણો સુણી, કર્ણ તણી સ્થિતિ થતી.**

અહીં ઉપરાઉપરી ત્રણ ઉપમા આપીને વક્તવ્યને મૂર્ત બનાવ્યું છે.

**કહે કેમ ? સહે કેમ ? કુંતી મૂર્છિત થાય છે,**
**કર્ણ તો ક્રોધથી કંપે, સૂર્યપે અભ્ર છાય છે.**

આમ જેને ખંડકાવ્ય કહેવાય છે તેની પરંપરાગત રૂઢ રીતિમાં કવિ સફળતાપૂર્વક વાણીવિહાર કરે છે.

કર્ણના જીવનનો આરંભ કર્ણે કરેલી પરશુરામની છલનાથી થાય છે. અને પછી, કેમ જાણે, એના જ વિવર્તો આપણને તેના જીવનમાં દેખાયા કરે છે. એ દૃષ્ટિએ કર્ણના પાત્રનું જુદું મૂલ્યાંકન કરી શકાય.

કર્ણનો હીન જન્મ તો એક અવલંબન તરીકે કામ આવે છે. અને તત્કાલિન સામાજિક માનસ જોતાં, આપણને આજે જે આઘાત લાગે છે, તે, તે વખતે ન પણ લાગે. ખરી કરુણા તો, એ પાંડવોનો મોટો ભાઈ છે અને છતાં ભાઈઓ સામસામા લડે છે તેમાં છે. યુધિષ્ઠિરને તો આ ભ્રાતૃસંબંધની ખબર નથી. પણ સ્વાભાવિક સહૃદયતાથી વિચારતાં એને થાય છે કે આવા વીરને

આપણે હણ્યો તે ખોટું થયું છે. આ વાતને બહુ કુશળતાથી અહીં વણી લીધી છે.

કર્ણનું સાચું તર્પણ કયું ? એના હીન જન્મની વાતને ભૂંસી નાખવા દુર્યોધને એને અંગનું રાજ્ય આપ્યું તે ? કવિ કહે છે કે યુધિષ્ઠિર જેવો ધર્માત્મા, અન્તઃકરણની સહજ પ્રવૃત્તિથી આખા રહસ્યને પામી જાય અને કહે

**ન હોત જો કૌરવ સંગ કર્ણ,**
**ના પેટાયું હોત સંહાર સત્ર.**
**અમે ન કો દિ વીરતા પિછાની,**
**સદૈવ એની કુલહીનતાની,**
**હાંસી ઉઠાવી, વખ ઘોર વાવી;**
**અંકુરને વૃક્ષ દીધું બનાવી.**

આ ધર્માત્મા આંતર્નિરીક્ષણ કરે છે અને સત્ય લાધે છે કે કર્ણની બાબતમાં તો અમે જ દોષિત છીએ. સંતો પરગુણોને પર્વત જેવડા કરી જુવે છે. યુધિષ્ઠિર પણ કર્ણને એમ જુવે છે અને, માનસ પૃથક્કરણ કરતી જે ઘડીએ પોતે સમજે છે કે અમે કર્ણને પૂરો ન્યાય ન કર્યો તે ઘડીએ જ, કવિ કહે છે, કર્ણનું સાચું તર્પણ થયું.

ઘણી જ કુશળતાથી યુધિષ્ઠિરના મનની આ ક્ષણને કવિ કુન્તીના સ્થૂળ ઉચ્ચારણ સાથે સાંકળી લે છે:

**રોપીને શોક હૈયામાં આરંભો શ્રાદ્ધ સત્વર**
**પ્રથમ કર્ણનું, તારો હતો એ જ્યેષ્ઠ ભ્રાતર.**

યુધિષ્ઠિરે તો એનું માનસશ્રાદ્ધ કરી જ લીધું હતું. આ જ આ કાવ્યની ધન્યતા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ **ડોલરરાય રં. માંકડ**
તા. ૮ મે ૧૯૬૯ કુલપતિ

## શ્રી પ્રેમશંકર હ. ભટ્ટનાં પુસ્તકો

- મહારથી કર્ણ : કાવ્યસંગ્રહ
- ધરિત્રી : કાવ્યસંગ્રહ
- તીર્થોદક : કાવ્યસંગ્રહ
- શ્રીમંગલ : પદ્યરૂપકોનો સંગ્રહ
- મધુપર્ક : વિવેચનસંગ્રહ
- આચમન : વિવેચનસંગ્રહ
- બીજલ : નવલકથા
- ચયનિકા : કાવ્યસંપાદન
- સુદામાચરિત્ર : કાવ્યસંપાદન

## નિવેદન

ગામડા ગામની ધૂળિયા શેરીમાં કથાકીર્તન કરતા માણભટો દ્વારા મહારથી કર્ણના વીરત્વપૂર્ણ અને ઉદાત્ત ચારિત્ર્યના સંસ્કારો મારા બાલમન પર પ્રથમ વાર મુદ્રિત થયેલા, તે કર્ણ વિશે વાચન-અભ્યાસ વધારવાની તક મળી તેમ તેમ દૃઢીભૂત થતા ગયા. હરકોઈ વ્યક્તિને પોતાના સંસારના કુરુક્ષેત્રમાં પણ કર્ણના જીવનમાંથી નિરંતર અપ્રતિહત શક્તિ, પ્રેરણા અને આલંબન મળે તેવું તેનું ભવ્યોન્નત ચારિત્ર્ય મને હમેશાં જણાયું છે.

આ પાત્ર વિશે જુદી જુદી ભાષાના ઘણા કવિઓએ લખ્યું છે. એ તેજોમય પ્રવાહમાં હું પણ મારો નાનકટો ટમટમતો દીવો તરતો મૂકું છું. મારો આ પ્રયત્ન, ગુજરાતની કાવ્યરસિક જનતાને ગમશે તો મને આનંદ થશે.

'મહારથી કર્ણ'ની હસ્તપ્રત તૈયાર કરવામાં ને તેનાં પ્રૂફ જોવામાં મને અધ્યાપક શ્રી ચિમનલાલ ત્રિવેદી તથા શ્રી મહેન્દ્ર મહેતાની મદદ મળી છે : આ બન્ને મિત્રોનો હું ઋણી છું. મુરબ્બી શ્રી ડોલરરાય માંકડનો તેમણે લખી આપેલા પુરોવચન માટે, વિશેષ તો મારા પ્રત્યેના તેમના મમત્વ માટે, તથા આ પુસ્તકને પ્રગટ કરવા તત્પરતા દાખવવા કાજે ગૂર્જર ગ્રંથ રત્ન

કાર્યાલયના સંચાલક શ્રી કાન્તિભાઈનો હું હૃદયપૂર્વક આભાર માનું છું.

૨ ઑક્ટોબર, ૧૯૬૯
૧૭, જયભારત સોસાયટી
સરખેજ રોડ, અમદાવાદ – ૭ **પ્રેમશંકર હ. ભટ્ટ**

Make me thy lyre, even as the forest is :
What if my leaves are falling like its own !
The tumult of thy mighty harmonies.

P. B. Shelley

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | પાન |
|---|---|---|
| 1 | શસ્ત્રાધ્યયન | 13 |
| 2 | ઔદાર્યમૂર્તિ | 18 |
| 3 | વાત્સલ્ય | 23 |
| 4 | મૃત્યુ | 28 |
| 5 | શ્રાદ્ધ | 32 |
| 6 | વિવરણ | 39 |


## વાચકોને વિનંતી :

અનુક્રમણિકાના 'ક્રમાંક' પર ક્લિક કરતાં જ તે કૃતિ ખૂલશે અને શીર્ષકના બૉક્સની નીચે ઝીણા અક્ષરે 'અનુક્રમણિકા' પર ક્લિક કરતાં ફરી અનુક્રમણિકા પર જવાશે..

આ સુવિધાનો લાભ લેવા વિનંતી છે..

..આભાર..

# શસ્ત્રાધ્યયન

અનુક્રમણિકા

‘પ્રભો લો પળ બે નિદ્રા, તળાંસું પાય આપના !’
બોલી બેઠો નીચે શિષ્ય, ગુરુ દર્ભાસને સૂતા.
મધ્યાહ્ને તપતો સૂર્ય, તેજસ્વી તેથીયે વધુ
વાર્ધક્યે સોહતી કાંતિ, ગુરુ અંગ ઉપાંગની.

વૃક્ષો, વેલો, પશુ, પંખી, શિષ્યો શાંત કુટીરમાં,
નદીનાં નિર્મળાં નીર, વ્હેતાં સાવ ધીમાં, ધીમાં.
બ્રાહ્મણનો બની બાળ, આવ્યો’તો કર્ણ આશ્રમે,
અનાથ લહીને વત્સ, ગુરુએ પુત્ર શો ગણ્યો !

ક્ષાત્રો તણા પરમ વૈરી, પ્રચંડબાહુ,
રૌદ્રસ્વરૂપ, ભડ, ભાર્ગવશ્રેષ્ઠ, શસ્ત્રો
લોહીભીની નદી તણાં જળથી પખાળી;
ઉદ્વિગ્ન, ખિન્નમન, આવી વસેલ આંહીં.

શિષ્યનાં ઊમટ્યાં વૃંદ, શીખવા શાસ્ત્ર, શસ્ત્રને;
બ્રાહ્મણ બટુના વેશે, આવ્યો કર્ણ ગુરુ કને !
શૌર્ય ને ભક્તિથી કર્ણે તોષ્યા પરશુરામને,
ગુરુ તો પુત્ર માનીને શીખવે શાસ્ત્ર શિષ્યને.

કુટીરે ગુરુની સોહે આસનો, જલપાત્ર ને
ધનુષ્યો, પરશુ, બાણો, પોથીનો ઢગ નાનડો !
આશ્રમ ઋષિનો આ કે શિબિર રણવીરનો,
પ્રશ્ન સ્હેજે સ્ફુરી રહેતો, નિહાળી સ્થળ, સર્વને !
અંકમાં રાખીને સ્નેહે તળાંસે કર્ણ પાયને,
મૃગલું મનનું દેતું દોટ ભૂત તણા વને.
અંધારનાં અતલ નીર સ્મૃતિ હલાવે,
ઝંખી રહે નયન દૂર તણી છબીને.
ચંદ્રાનના, અકલ, વત્સલ, મૂર્તિ આછી,
દેખાય પૂર્ણ નહિ ત્યાં થતી કાં વિલીન ?
જનેતા એ જ પોતાની ? જેનું મ્હોંય ન સાંભરે ?
પયામૃત ધરી પોષ્યો રાધાએ, ન શું માત તે ?
ઝાંઝવાજળની વાંસે ભૂલી સાંપ્રતને ભમે,
તોષાતી ન તૃષા તોયે વેગથી અદકું ધપે !
સહસ્ત્રરશ્મિનો દિવ્ય, વિક્રમી પુંજ તેજનો,
વહે છે રક્ત ને પ્રાણે, ઉવેખી ક્યમ તે શકે ?
લયલીન હતો કર્ણ, સ્વપ્નમાં ગત કાળના,
જગાડ્યો ભ્રમરે આવી, રવે તીવ્ર સ્વભાવના.
દ્વિરેફ ગુરુને સ્પર્શે, નિદ્રા સદ્ય જશે તૂટી,
શોચતો મનમાં કર્ણ, ઊડે એ તો અહીં, તહીં !
આમ તેમ ભમી અંતે બેસતો કર્ણજાંઘ પે,
હલે તો ગુરુ જાગે ના ? ડંખ દે શાંત જો રહે !
વૃક્ષના થડને જેમ કોરે ભ્રમર દાઢથી,
કર્ણની જાંઘને તેમ કોરતો મસ્ત તાનથી.
અચલ કર્ણ બેઠેલો, રક્ત ઊન્હું વહી રહ્યું,

સ્પર્શતાં ગુરુના પાયે ભાન જાગર્તિનું થયું.
ન્યાળી શિશુ અચલ, લીન, અભંગ, ધ્યાને
સેવા તણા; ભૃગુકુલોત્તમ શોચતા કે,
આ બાળ બ્રાહ્મણતણો કદિ સંભવે ના !
આ ભક્તિ, ધૈર્ય, વળી શોણિતરંગ, ધારા,
ક્ષાત્રો તણાં; દ્વિજ તણાં ન દીસે નિ:શંક !
આ શિષ્ય ક્ષાત્રતનુ છે, નહિ વિપ્ર રંક !
ભૃકુટિ વક્ર, વહ્નીની જ્વાળા સ્ફુરંત નેત્રથી,
અંગાંગ ધ્રૂજતું ક્રોધે, જામદગ્નેયનું ત્યહીં.
‘આપી દીધી સકળ શાસ્ત્રની ગુપ્ત વિદ્યા,
મેં તો તને અબલ બ્રાહ્મણબાળ માની;
તું જાણી લે સકળ શાસ્ત્રનું સારતત્ત્વ,
વિદ્યા થતી નવ કદા છલનાથી સિદ્ધ !
વિદ્યાનું તેજ જીરવે નવ હિનકર્મી,
દંભી, કૃતઘ્ની, ગુરુદ્રોહી, પાપી !
બલિષ્ઠ વજ્રથી ઝાઝું, કોમળું પુષ્પથી વધુ,
પવિત્ર જાહ્નવી જેવું, ઉન્નત વ્યોમના સમું;
ત્યાગ ને તપમાં જેનું હૃદય રમમાણ છે,
વિદ્યાના ફળને પામે, નક્કી તું શિષ્ય જાણજે !
તું કોણ ? ક્યાંથી ? વદ સત્ય તું શીઘ્ર, શિષ્ય !
ક્ષત્રિય ? વિપ્ર ?
ક્યમ તું નિ:શબ્દ ?
રે, બોલ, બોલ, શિશુ ! ના વદતો અસત્ય !’
વીજપ્રપાતે જ્યમ વૃક્ષ કંપે,
ભૂકંપથી દુર્ગ ડગેમગે, ને

વર્ષા પ્રચંડ મહીં નાવ તણી દશા શી
વર્ષા પ્રચંડ મહીં નાવ તણી સ્થિતિ થતી. 68

ગંભીર, ઘોર, જલધિ રવ ભવ્ય ગર્જે;
ઝંઝા તણી સરગમે જ્યમ કાળવાણી;
બોલી રહ્યા ગુરુ, ધરી નિજ રુદ્ર રૂપ;
'તું કોણ ? ક્યાંથી ? વદ સત્વર, વત્સ ! સત્ય.'

શિષ્ય તો જડ શો ઉભો, નિશ્ચેષ્ટ, નતમસ્તક,
જડીને નેત્ર ભોંમાથે, જોડીને કરસંપુટ. 74

'બ્રાહ્મણબાળ છું હું ના !' ધીમેથી શબ્દ એ વદે,
ગુરુના ક્રોધમાં તેથી દારુણ વેદના ભળે.

'રે હિનકર્મી ! દઉં શાપ શો તને ?
જે દ્રોહ દૈ મેળવવા બધું મથે !
મેં પુત્ર માની, રઝળુ, અનામીને,
વિદ્યા તણું અંજન આંજ્યું નેણે;
પાષાણ જે આકૃતિહીન આથડે,
શિલ્પી બનીને દીધું રૂપ ટાંકણે.
મેં માટીને વજ્જરલોહ પાયું,
ને ક્ષુદ્રનું સર્જન શ્રેષ્ઠમાં કર્યું !
દુર્ધર્ષતા અગ્નિ સમી સદાની,
ભીંજાવી મેં વત્સલતા સીંચી, સીંચી.
સંચિત આયુંનું મારું, પ્રતાપી પૂર્વજો તણાં,
તપ ને ઋતની સંગે આપ્યું મેં શસ્ત્રતેજને !

તપ, શ્રુત, અને વિદ્યા શસ્ત્ર કેરી, કૃતઘ્નીને,
ફળતાં ના ! સ્મૃતિભ્રષ્ટ અંતકાળે જ તું થશે !, 90
વ્યોમે ધીમે અરવ પગલે વાદળાં કૈંક આવ્યાં,
મધ્યાહ્ને જે સૂરજ તપતો, ઢાંકતાં તેની કાયા;
આછું, કાળું, દુકૂલ તનપે નીર ને વૃક્ષ ધારે;
પંખી, ફૂલો, રવ, પરિમલો, લિપ્ત, ઓથારભારે ! 94

# ઔદાર્યમૂર્તિ

અનુક્રમણિકા

આશ્રમેથી થઈ ત્યકત, લાંછિત ભગ્ન, નીકળ્યો;
રખડ્યો, રઝળ્યો કર્ણ; શોકાકુલ સ્થળે, સ્થળે.
'ગુરુદ્રોહી !', 'કૃતઘ્ની !' એ વચનો ભૂલતો નથી,
વત્સલ, આર્દ્ર ને રુદ્ર, મુખને વિસ્મરે નહિ. 4

સુકાનહીન કો નાવ, સમુદ્રે જીર્ણ, શીર્ણ થૈ,
આખરે પ્હોંચતું આરે, ગયો દ્રોણ કને ત્યમ.
દ્રોણે તો યજ્ઞ માંડ્યો'તો ધનુર્વિદ્યા તણો મહા,
કૌરવો પાંડવો કેરા કુમારો ઋત્વિજો બન્યા.
તેજસ્વી યજ્ઞઅગ્નિ શો કર્ણ તેમાં ગયો ભળી,
હૈયાની વેદના ગૂઢ ધીમે ધીમે જતી ગળી. 10

દીક્ષાનો ઉત્સવ દ્રોણે શસ્ત્રસ્પર્ધા પ્રયોજવા
આદર્યો, હસ્તિનાપુર ઊમટ્યું ન્યાળવા તદા.
સર્વમાં અર્જુન શ્રેષ્ઠ, જયઘોષ રહ્યા બજી,
આવતાં કર્ણ ઓજસ્વી દૃશ્ય આખું ગયું ફરી.

'વૃક્ષે પ્રચંડ, લઘુ પક્ષીની આંખ વીંધી,
રે, અર્જુને બાણની જે કળા કીધી;
ને ખડ્ગ, ભાલા બરછી, ગદા તણી,

છટા બધી અદ્ભુત જે બતાવી;
ન્યાળો બતાવું પળમાં હું સર્વ !
ને તે વિના શસ્ત્રની સિદ્ધિ અન્ય,
અનેકધા ઉત્કટ દાખવું જે
નિમંત્રું કે અર્જુન દાખવી રહે !'
ચિત્રમાં ચીતર્યા જેવી સભા સ્તબ્ધ બની રહી,
અગ્નિ શી દિવ્ય વીરશ્રી કર્ણમુખે રહી ઝગી.
ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, કુમારો, વૃંદ લોકનું,
ઉત્સુક બનીને ન્યાળે સ્પર્ધારંગ અપૂર્વને.
રાજ્ઞીની વૃંદમાં હૈયું કુંતીનું હર્ષ-શોકને,
આવેગે ધડકે મૂંગું, શોચતું 'હાય ! શું થશે ?'
સંકેત કરીને દ્રોણે પૂછ્યું 'કર્ણ ! કહે સુત !
સ્પર્ધામાં ઊતરે કો'દિ' રાજવી શૂદ્રની સહ ?
પિતા ને વંશનાં નામ ઉચ્ચર ! નવ દાસ તું ?'
ભોંકાતું શલ્ય હૈયામાં કર્ણને વચનો તણું.
'શું વંશ, જાતિ, કુલ, ગોત્ર, જન્મ,
વીરત્વને અર્પી શકે જ લાંછન ?
જયશ્રીનો શૌર્ય ન માપદંડ ?
રણાંગણે વીર્ય ન, જન્મ ઉચ્ચ ?
રે જન્મથી હીન કલંકિતોનાં
ભેગાં ભળ્યાં, ધન્ય હું, ભાગ્ય મારાં !
કલંકને ભાગ્યબળે ન ઢાંકું,
હું ભાગ્યને બાહુબળે ઉથાપું !
હું કર્ણ,
છું કર્ણ હું કેવળ, ને રહીશ,

સદાય.' 43
'તું કર્ણ, તું સારથિપુત્ર શૂદ્ર !
વંશાનુવંશે રથનો જ વાહક !'
વ્યંગે વદી વાણી રહ્યો જ ભીમ.
'ધનુષ્ય શોભે ન તને લગાર,
શોભંત જેવી કરમાં લગામ !' 48
કહે કેમ ? સહે કેમ ? કુંતી મૂર્છિત થાય છે;
કર્ણ તો ક્રોધથી કંપે, સૂર્ય પે અભ્ર છાય છે. 50
સદ્ય દુર્યોધને આવી, અભિષેક કર્યો શિરે;
અંગાધિરાજનું અર્પ્યું, ઉત્તમ પદ કર્ણને.
હર્ષાન્વિત થયો કર્ણ, કૃતજ્ઞ, નતમસ્તક,
આંખમાં અશ્રુ બે છાનાં, હૈયું સ્નેહપરાવૃત. 54
'મેં મૈત્રીનો મસ્તક મ્હોડ ઘાલ્યો,
ને કૌરવશ્રેષ્ઠ જ સ્વામી માન્યો;
આયુષ્યનું સંચિત, શૌર્ય, વિદ્યા;
સંપૂજ્ય માની તવ પાયમાં ધર્યાં !'

અંગાધિરાજનાં કીર્તિ, વિદ્યા, નામ ઝગી રહ્યાં;
ઔદાર્ય ને દયા, દાન, શૌર્યથીય વધી ગયાં !
કૌરવભક્તિનું વૃક્ષ ઘેઘૂર વિકસી રહ્યું,
પાંડવશત્રુતા કેરા ફળે ફૂલે ઝળૂંબતું ! 62
સંધ્યાવંદન વેળાએ, વૃંદ યાચકનું સદા
ઊમટે તોયતો કર્ણ કરીને સૂર્યઅર્ચના.
આંગણે એકદા આવ્યો, તેજસ્વી મુખકાંતિમાં;
આશિષ આપવા વિપ્ર, દુર્બળ માત્ર વસ્ત્રમાં !

સત્કારે કર્ણ એનેયે, ધરીને કર અંજલિ;
'આજ્ઞા શી છે ? વદો વિપ્ર !' મુખે સ્મિત રહે રમી. 68
વિપ્રનું મુખ ઝંખાયું, છદ્મ વેશ ગયો કળી ?
પળમાં થઈને સ્વસ્થ, વિપ્રવાણી રહી વહી.
દાનેશ્વરી કર્ણ ! તું વીરશ્રેષ્ઠ,
ને વિપ્રવૃંદે સુર શો હું ઉત્તમ,
અકિંચન; સ્વલ્પ શી યાચના કરું,
સંકલ્પનું લે જલ, હસ્ત હું ધરું !' 74
સંકલ્પ કરવા કર્ણે જલપાત્ર કરે ગ્રહ્યું,
'માંગો દેવ ! ચહો તેવું, દેહયે દાનમાં દઉં !'
'ધન્ય, કર્ણ ! મને આપ, કુંડલો બેય કાનથી;
કવચ અંગ માથેથી, વધુ કૈં યાચવું નથી.'
કવચ, કુંડલો સોહે, કર્ણાંગે નિત્ય જન્મથી;
મૃત્યુંજયી હતી રક્ષા, દેહને; દિવ્ય, દેવની !
'લ્યો, ભૂદેવ !' કહી કાઢ્યાં, કર્ણે કુંડલ કાનથી ;
ઉતરડ્યું ત્વરા સાથે કવચ શ્લિષ્ટ અંગથી ! 82
સ્તબ્ધ મૂઢ થયો વિપ્ર; છલના સર્વ છાંડીને
વદે, 'વત્સ ! હું છું ઇંદ્ર ! વર દે, એક તું વધુ !
એકઘ્ની સાંગ જે દિવ્ય નિશ્ચય શત્રુને હણે,
પછીથી વળશે પાછી, સ્વર્ગમાં માહરી કને !
યુદ્ધની ઘોર વેળાએ કાલાંતક અમોઘ એ,
પ્રસન્ન થઈને અર્પી, એકદા મેં જ એ તને.
કર્ણ ! દાનેશ્વરી ! તારી કીર્તિને છાજતું તું દે,
ઇંદ્ર આવ્યો બની વિપ્ર, યાચવા તવ આંગણે.
સંહારની અતિ ભયંકર કાળવેળ,

એ સાંગ વીંઝી હણતો ન અર્જુન !
સંહારતું શસ્ત્ર પિતાનું, પુત્રને ?
દયાળુ દે તું વર આટલો મને !’
દયાપાત્ર દીસે ઇંદ્ર, કર્ણની દિવ્ય દીપ્તિ છે;
વચનો ધીર, ગંભીરાં, જિહ્વાથી વીરનાં વહે.
‘પ્રસન્ન બનજો તાત ! સ્વીકારો મમ અંજલિ,
એકઘ્ની વીંઝશે કર્ણ, કદિ ના અર્જુન પ્રતિ !’ 98
ધીમે ધીમે, અરવ પગલે સૂર્ય મધ્યાહ્ન જાય,
સૃષ્ટિ ઝીલી અમલ રસ, ચૈતન્યથી ઊભરાય;
ધીમે ધીમે, કલ કલ વહે જાહ્નવીનીર, ઊર્મિ;
પૃથ્વી ધન્યા, નિરખી મલકે ભવ્ય ઔદાર્યમૂર્તિ. 102

# વાત્સલ્ય

અનુક્રમણિકા

અસ્તાચલે જતો સૂર્ય, અર્ધ્ય કર્ણ ધરી રહે;
સંધ્યાની શ્યામળી છાયા, ધીમે ધીમે ત્યહીં વધે.
નિર્જન તટ ગંગાનો, વારિવ્હેણો ય નીરવ,
સ્તબ્ધ, મૂક, ઊભાં વૃક્ષો, પેખતું કોઈ સ્ત્રીજન !
વ્યથાપૂર્ણ હતાં નેત્રો, કાયા  દુર્બળ, પાંડુર;
કંપતાં ઓષ્ઠ ને હૈયું સહસા કર્ણ ન્યાળતો.
'અધિરથ અને રાધા તણો પુત્ર જ કર્ણ હું,
પાંડવજનની કુંતી ! પધારો, વંદના કરું !
સૂતપુત્ર અને શૂદ્ર કર્ણ કાં આજ સાંભર્યો ?
તમે તો રાજમાતા છે, એકાકી આમ કાં ફરો ?'

કર્ણનાં સાંભળી વેણો, મુખ અભ્રઘટા વડે
છાયેલા ચંદ્ર શું થાતું; નેત્રો ભૂમિ ખણી રહે !

'શસ્ત્રાસ્ત્રથી કાતિલ, ઘોર, શબ્દઘા;
આ અંતરે આજ ઝીંકી રહે તું કાં ?
હું પુષ્પ આ વજ્જર શેં સહી શકું ?
વીસારી જા ભૂત તણું કટુ બધું !
ઘૂંટે ઘૂંટે ઝેર પીને નરોત્તમો,

સંસારનો અમૃતથી ભરે ઝરો !
ઝંઝાંધકારે ઉરવ્યોમ ભવ્ય,
ના કોઈ દિ' તાત ! થતું વિક્ષુબ્ધ !
અસહ્ય સંતાપની ઘોર કાલિમા,
ગ્રહી, થતી ઉજ્જવલ માત્ર ચંદ્રિકા !'
આટલાં ઉચ્ચરી વેણો, મુખ મ્લાન પુનઃ બને,,
હૈયાને શતધા વીંધી, સ્મૃતિની શારડી ફરે.
પાંડવોની જનેતા ના, રાજમાતા ન એ હતી,
કન્યકા મુગ્ધ, લજ્જાળુ; પુનઃ એ તો રહી બની.

વ્યોમની ઘોર, અંધારી, સ્ફોડમાં રાત્રિ છે સૂતી;
પ્રકૃતિ સ્તબ્ધ છે, ગંગા ચૂપચાપ રહી વહી.
હાથમાં બાળને રાખી, કંપિતા ભય, શોકથી;
ઊભેલી જાતને ન્યાળે, અનેક વર્ષની પછી.
ચક્ષુથી આજ એ પીતી વત્સનું મુખ-અમૃત
કર્ણનાં સ્કંધ ને શીર્ષે ફેરવે હસ્ત જર્જર.

'નવ તું તાત ! રાધેય, સૂતપુત્ર ન શૂદ્રજ;
અભાગી માત હું તારી; તું કૌંતેય, તું અગ્રજ !
સવિતૃ છે પિતા તારા ! યુધિષ્ઠિરથી જ્યેષ્ઠ તું
વિક્રમી તેજના પુંજે, તારું છે કુલ શોભતું !'
'હું શૂદ્ર, કુંતી ! મતિ અલ્પ મારી,
આયુષ્યને આમ શકું વિચારી ?
ના બુદ્ધિથી વેણ ગ્રહી શકું હું,
હૈયે, ક્ષમા ! શબ્દ હું શી વિધે સહું ?

માતા તમે, ને હત હું જ અગ્રજ,
હું જન્મથી પામર, હીન, શૂદ્ર !
સંસારનો કર્ણ હું દાસીપુત્ર !' 44
વિવર્ણ અંગની કાંતિ, હણાતી મુખની કળા,
ઊભેલી ત્યાં હતી કુંતી ? વેદના મૂર્તિમંત વા ?
'વાણી તણું ખડ્ગ તું કાં વીંઝી રહે ?
ભૂકંપને જર્જર દુર્ગ શેં સહે ?
આયુષ્યનું ઉજ્જવલ પર્વ મારું,
કલંકની કેવલ કાલિમાભર્યું !
આ જિંદગી પાત્ર મહીં ઘૂંટીને,
પળે પળે ઝેર પીધાં કર્યું છે !' 52
'તમે નહિ ! ઘૂંટે ઘૂંટે પીધું મ્હેં !
કલંક વેઠી હીન જન્મનું ને,
સંસારને ભોગવતાં સુખે, ના
તમે બન્યાં પાંડવની જનેતા ?
વસ્યાં તમે ના પરિવાર વચ્ચે,
નચિંત મૂકી શિશુ નીર મધ્યે ? 58
વાત્સલ્યનું અમૃત સીંચી જેણે,
કલંકને શોભન માની હૈયે
ધર્યો મને; મા મુજ તે જ સાચી,
તમે ન મા; કેવળ સ્ત્રી અભાગી !
જે નિર્દયા બાલક-પુત્રને ત્યજે,
સંસાર એને કહી મા ક્યમે શકે ?
ત્રિલોકમાં દુર્લભ જે મનાતું,
જેને ગ્રહી જીવન ધન્ય થાતું;

માતૃત્વ, બોલો, તમ કૃત્ય દાખવે ?
રે, હીન સ્ત્રી કો, અદકી બની શકે ? 68
જાણું છું જન્મવાર્તા હું, જાણું છું તમ આશય;
રાધાનો પુત્ર હું કર્ણ, પાંડવો મુજ દુશ્મન !
પધારો, આજ તો જોશે રાહ સૌ પુત્ર આપના,
મંડાશે યુદ્ધ કાલે તો, સંભવે ન્હોય જીવતા !'
ક્રોધથી કંપતી કાયા, ફંફોળે હસ્ત ખડ્ગને,
અર્ધ્યપાત્ર, ફૂલો, માલા, સ્પર્શતાં શાંત કૈં બને !
કુંતી તો પૃથ્વીની સાથે મૂર્તિ જાણે દીધી જડી,
ફૂંકાતી કર્ણનાં વેણે ઘોર સંહારની છડી !
'સ્વબંધુને જ્યેષ્ઠ જ શું હણી શકે ?
ને જ્યેષ્ઠને શું અનુજો કદિ હણે ?
શું વેરનો પાવક, વંશ આખો
વિનાશની જ્વાલ મહીં સમાવતો ?' 80
વ્યથા ને વેદના ન્યાળી કુંતીના, કર્ણ ઉચ્ચરે,
'પાંડવોને ચહું હું તો સર્વ ક્ષત્રિય શું કહે ?
દુર્યોધને ધરી શ્રદ્ધા વીરશ્રી માંહ્ય હું તણી,
સંવર્ધ્યો વૈરનો અગ્નિ, છેહ કેમ દઉં શકી ?
છતાં હું આટલું અર્પું, પંચ પુત્ર મહીં તમ,
અન્ય કો'ને હણું હું ના, હણીશ માત્ર અર્જુન !
અને યુદ્ધે યદા મૃત્યુ, થાયે અર્જુન હસ્તથી
કર્ણનું, તો તમારા મા ! પાંચે પાંડવ અક્ષત !
કર્ણાર્જુન મહીંથી કો' હણાતાં એક પુત્રક,
પંચ પુત્રો તણી માતા  કેરું ના ટળશે પદ !
કહ્યું'તું કૃષ્ણને મ્હેં તે કહું છું તમને પુન:

યુધિષ્ઠિર ન જાણે કે કર્ણ છે જ્યેષ્ઠ, અગ્રજ !
ધર્માત્મા, પુણ્યશાળી એ, અર્પશે રાજ્ય હું પદે;
અન્યના હકનું ના એ, કશુંયે કદિ ભોગવે !
થાયે જો તેમ તો તો હું દુર્યોધનને સદ્ય જ
અર્પું રાજ્ય, તમારો જે નિત્યનો અગ્ર દુશ્મન !
પધારો માત ! સંધ્યાનું અંધારું અદકું થશે,
સંદેશો પાર્થને કહેજો યુદ્ધભૂમિ વિશે મળે !' 98

સંધ્યા ઘેરા, ધૂસર, ભૂખરા, શ્યામળા અંચળામાં,
વીંટી લેતી પૃથિવી સઘળી; વ્યોમમાં અભ્ર ગાઢાં !
ઊભાં વૃક્ષો સ્થિર, જલ વહે મૂક, ધીમી ગતિમાં,
ને કુંતીનું હૃદય વિલપે ભાવિની કલ્પનામાં ! 102

# મૃત્યુ

અનુક્રમણિકા

સંહારના સત્રનો ઘોર, ઊગે સત્તરમો દિન;
તાંડવ ખેલતું મૃત્યુ, કુરુક્ષેત્રે અબંધિત !
સામસામે લડે સૈન્યો, રથો, અશ્વો, ગજો ઢળે;
ભયંકર થતો નાદ, કર્ણ વ્યગ્ર બની વદે !
'રથનું જમણું ચક્ર, પૃથ્વીએ દાઢમાં ગળ્યું;
ધનુર્ધારી ! મહાવીર ! થોભી જા, પળ એક તું !
નાસતો શત્રુ વા વિપ્ર, શસ્ત્રહીન, દયા ચહે,
શરણાર્થી, દીન ને ત્રસ્ત; તેને તો કાયરો હણે !
કર્ણ હું, ના દયા યાચું, થંભવા કહું હું તને;
બોલીને પૃથ્વી-દાઢેથી ખેંચવા ચક્રને મથે.
'યુદ્ધના ધર્મનો જ્ઞાતા શ્રેષ્ઠ, અર્જુન વીર તું !
કવચ, કુંડલો, શસ્ત્રો, રથહીન હણીશ શું ?
સ્થિત સાધુવ્રતે, ધર્મી ! લાગશે ન શું લાંછન ?
અધર્મી, આતતાયી થૈ પામશે છલથી જય ?'
કર્ણની સાંભળી વાણી, રથને કૃષ્ણ થંભવી;
નિહાળે કર્ણના મ્હોંને, ક્રોધ ને વ્યંગમાં હસી !
'અધર્મી કર્ણ ! તું કે એ ?' ક્રોધથી કૃષ્ણ પૂછતા,
કૌંતેય ! હણ તું કર્ણ, ઘટે ના કશી શોચના !

સભા હતી કૌરવની ભરેલી,
રજસ્વલા, કંપિત, કાયવેલી
કૃષ્ણા તણી; આંખ ભૂમિ ઢળેલી,
ને ઉચ્ચર્યો વાણી ન તું છકેલી?
'કૃષ્ણા ! નિહાળ પતિ આ તવ દાસ જેવા,
દુર્યોધને કર ધર્યા તન અંક લેવા !
હાર્યા પતિ દ્યુતમહીં નિજને, તને યે,'
એ વાણી, કર્મ મહીં ધર્મ હતો જરીકે ?
દુર્યોધને સર્પ ડસાવી ભીમને,
ઘૂટાંવ્યું ઝેર અતિ કાતિલ અન્ન સાથે;
બેહોશ કાયા નદીનીર નાખી,
રાધેય ! ધર્મી ! ક્યમ લીધું સાંખી ?
હું પૂછું, કર્ણ, મધરાત નિબીડ, ઘોર;
ભેંકાર જંગલ હતું, નવ ક્યાંય શોર;
થાકેલ, ત્રસ્ત, થઈને અતિશે હતાશ,
સેવી રહ્યા પાંડવ ગુપ્ત વાસ !
કુંતી અતિ જર્જરકાય, દ્રોપદી,
ને પાંડવો નિંદ મહીં ગયા ઢળી !
પ્રેર્યા દૂતો અગ્નિ પ્રજાળવા તમે,
લાક્ષાગૃહે, ધર્મ્ય કર્યું કહું ક્યમે ?
ગુપ્ત વાસ થયો પૂરો, વિષ્ટિવેળ સ્મરો જરા,
'પંચ ગ્રામ હકે આપો, રાખી સર્વ વસુંધરા !'
'હકને ઠોકરે મારું, પંચ ગ્રામ, કુટીર શું;
સોયનું ટેરવું સ્પર્શે-પૃથ્વી ના તેટલી દઉં !'
મદોન્મત્ત વદ્યો વેણો દુર્યોધન સભા મહીં,

વાર્યો ના, યુદ્ધમાં પ્રેર્યો; ધર્મકાર્ય હતું ત્યહીં ?’ 44

રથનું ચક્ર ખેંચીને આણેલું સ્હેજ ભૂ પરે,
કૃષ્ણની વાણીના વજ્રે, કર્ણના હસ્તથી પડે. 46

મુરારિ ત્યાં મેઘગભીર શબ્દે,
‘ધર્માત્મ ! કર્ણ !’ કહીને વદતા જ વ્યંગે !
‘જે દિ’ કુમાર અભિમન્યુ છલે હણેલો,
વીરત્વ ને ધર્મ ન તું ચૂકેલો ?
નિ:સંગ, કોમળ કળી સમ, શસ્ત્ર હીન;
રહેંસ્યો મહા ભડ મળી, શિશુ, ધર્મવીર ! 52

રાધેય ! મુખમાં તારા ધર્મની વાત શોભતી ?
કુકર્મ ફળને નિશ્ચે ભોગવો, છૂટકો નથી.
ધનુષ્ય કરમાં લે તું ! અર્જુન ! હણ કર્ણને !
દયા માયા ત્યજી સાધ શરસંધાન સત્વરે.’ 56

કૃષ્ણની સાંભળી વાણી, લજ્જા, શોક છવાય છે;
કર્ણના મુખની કાંતિ, વીરશ્રી ય ધવાય છે. 58

‘નમેલું ચક્ર પેં શીર્ષ, છેદ અર્જુન સદ્ય તું !
રથારૂઢ થવા ના દે, દુષ્ટનું ઢાળ ઢીમચું !’ 60

ક્રોધાન્વિત થયો કર્ણ, રુદ્ર રૂપ બની ગયું;
ભાથેથી શર કો તીક્ષ્ણ, ગ્રહ્યું કાળભુજા સમું.
કંપતાં વ્યોમ ને પૃથ્વી, વાયુ, વનો, સરો, નગ;
ભીષણ કાળની જ્વાળા, ધરે વેગ વિનાશક.

ભુજંગ રાફડે પેસે તેમ અર્જુન છાતીમાં,
પેસતું શર, ડોલતાં કાયા, રથ, દિગ્સીમા !
વજ્રાઘાત થતાં જેમ ડોલે, તો ય ઢળે નહિ,
પૃથ્વી પે પર્વત સ્થિર, તેવો ઊભો ધનંજય ! 68
'તપ જો તપ્યો હોઉં, તોષ્યા હોય ગુરુજનો,
આચર્યો હોય જો ધર્મ, સત્યને હોઉં સેવતો;
તો સૌ એ ફળજો મુને, છેદાજો શીર્ષ કર્ણનું,'
બોલીને અર્જુને ફેંક્યું, કાલાંતક જ દિવ્ય શું ! 72
અંધકાર ફરી વ્યાપે, ધરા ધ્રૂજંત રાંક શી,
ચક્રને ખેંચતો કર્ણ, સૂસવે શર તે પ્રતિ ! 74
શિખરે આથડી વજ્ર, ખંડિત ગિરિને કરે,
દિવ્યાસ્ત્ર આથડ્યું તેમ પળમાં કર્ણને શિરે.
પર્વતે ગેરુઆ સ્રોતો, લોહીનાં ઝરણાં ત્યમ,
કર્ણની કાયથી ફૂટે; છેદાતું નત મસ્તક ! 78
સૂર્યાસ્ત વેળ ક્ષિતિજેથી સદ્ય,
જેવી રીતે ઢળત સાગર સૂર્ય રક્ત;
કાયા પ્રચંડ જ થકી થઈને વિચ્છિન્ન,
પૃથ્વી ઢળ્યું કડડ કર્ણનું શીશ છિદ્ય ! 82
ગાજે સેના મહીં સરગમો હર્ષની કેવી ભવ્ય ?
ને ઉન્માદે ભીમ, નકુલ તો નાચતા શસ્ત્રસજ્જ !
માતા કુંતી નિબિડ વનની આગમાં વેલી જેવી,
જાણી વાર્તા, ભડ ભડ બળે, મૂંગી, એકાંત સેવી. 86
સંહારના સત્રની સંધ્યા, દારુણ, અસ્ત થાય છે;
હાહાકારે ભરે પૃથ્વી, ઘનાંધકાર છાય છે ! 88

# શ્રાદ્ધ

અનુક્રમણિકા

સંધ્યાનો ઊતરે ઓળો, કાળો, ઘોર, બિહામણો;
કુરુક્ષેત્રે સ્ત્રીઓ કેરો ક્રન્દન ધ્વનિ ગાજતો.
લીંપાણી ધરતીકાયા રક્તથી માનવી તણા,
હય, હસ્તી, મનુષ્યોનાં ચૂંથતાં શબ ગીધડાં.
હાહાકારે રહ્યું કાંપી વ્યોમ નિસ્તબ્ધ, નીરવ;
કાલિમા ઘૂંટીને ઓઢ્યો દિશાએ શ્યામ અંચલ.
નિસાસા, ડૂસકાં, અશ્રુ, હૈયાને ચીરતા સ્વર;
સાંભળે સ્તબ્ધ ઊભેલા શોકમગ્ન યુધિષ્ઠિર. 8
અઢાર અક્ષૌહિણી સૈન્યનો ક્ષય,
થયા પછી આ વરીયો મને જય !
માતા બની કૈંક અહીં અપુત્રા,
ને કૈંકના કંથ રણે ઢળ્યા હ્યાં.
પ્રચંડ, જોધાર, હજાર જિંદગી,
ફાટી પડી શી જળબુદ્બુદો બની !
આ ઉત્તરા ખંડિત શોકમૂર્તિ,
ગાંધારીની કેવી અસહ્ય આર્ત્તિ ?
ને દ્રોપદીનાં શિશુ સર્વનો વધ,
સંહારના સત્રનું કેવું આ ફળ ? 18

આષાઢી આભ ગોરંભ્યા પળમાં રાજવી ઉરે,
વીજળી ઝબકી જાણે દેખાડે નિજ ભૂતને.
શસ્ત્ર સામે વીંઝ્યા શસ્ત્રો, પોષ્યું વેરથી વેરને;
મંગલ જિંદગીપાત્રે, ઘૂંટ્યું કાયમ ઝેરને. 22
જે વિધે પોથીમાં ચિત્રો એક એક થતાં છતાં,
તે વિધે નેત્રની સામે દૃશ્યો ધર્મ નિહાળતા. 24
તે દિ’ હતા સર્વ કુમાર નાનડા,
યુવાનીને ઉંબર પાય માંડતા;
સ્વપ્નો તણું અંજન આંખ આંજી,
બાહુબલે સર્વ રહંત ગાજી.
કુટુંબનીડે શિશુ – પંખી જેવા,
કલ્લોલતા સર્વ કુમાર કેવા ?
ન્હોતો તદા કૌરવ પાંડુ કેરો,
વૈરાગ્નિ હૈયા મહીં ઉદ્ભવેલો.
ફૂલી કળી શો સુખી બાલ્યકાળ,
કોણે દહ્યો રે, ધરી અગ્નિઝાળ ? 34
કૌરવો-પાંડવો વચ્ચે શસ્ત્રસ્પર્ધા પ્રયોજીને,
દ્રોણાચાર્ય રહ્યા ઝંખી પોતાના બહુમાનને.
સ્પર્ધામાં અર્જુને કેવું શ્રેષ્ઠ નૈપુણ્ય દાખવ્યું ?
ઝંખાયા કૌરવો સર્વ, ભીમનું હાસ્ય ગાજતું ! 38
બદલે પોથીનું પૃષ્ઠ, નીરખે નેત્ર કો નવા,
ચિત્રને રંગરેખાથી હૂબહૂ બહુ ઓપતા.
ધનુષ્ય શોભતું હસ્તે, કુંડળો કર્ણમાં ઝગે,
વીરમુદ્રા ધરી ભવ્ય આવે કોણ સભાસ્થળે ? 42
આવી એણે મેઘગંભીર નાદ

કીધો, 'સ્પર્ધા દાખવો, પાંડુ સાદ !'
બોલી એવું શસ્ત્રને સજ્જ કીધાં,
સૌ વીરોનાં માનને મોડી દીધાં ! 46
ચાતુર્ય દાખવી દ્રોણે, તેજોવધ કર્યો તવ
વીરનો, પ્રશ્ન પૂછીને; તીક્ષ્ણ કો શસ્ત્રના સમ.
'કહે કોણ પિતા તારા ? નામ શું તવ વંશનું ?
રાધાએ જે ઉછરેલો દાસીપુત્ર ન કર્ણ તું ?
ભવ્ય ક્યાં ભાનુંનું તેજ ? દીવો તેજવિહીન ક્યાં ?
રાજપુત્ર સહે શોભે સારથિપુત્ર યુદ્ધમાં ?' 52
વેણે વેણે નેણ એનાં ભભૂક્યાં,
અંગે અંગે વીજવાજી વછૂટયા.
કંપે કાયા, અંગ રોમાંચ થાય;
ને ગર્જન્તો શબ્દ એ સંભળાય ! 56
'રણક્ષેત્રે વીરો કેરી કીર્તિ કુલથી ના વધે,
વીરતા કોઈ કાળે યે હીન જન્મથી ના ઘટે. 58
રે, જન્મથી કોઈ ન હીન, ઉચ્ચ;
ન જન્મથી કોઈ પવિત્ર, તુચ્છ.
જયશ્રી જ્યારે વરમાળ રોપતી,
ન જન્મ, કિંતુ નર વીર પેખતી !
કલંક ગાઢું કુલહીનતાનું,
ન નીરથી પૌરુષનાં ભૂંસાતું ?' 64
કર્ણનાં સાંભળી વેણો અટ્ટહાસ્ય અમે કર્યું,
અવમાની ભીમે એને ઘાવમાં લૂંણને ભર્યું. 66
'તારો કરું હું મદ સર્વ ચૂર્ણ,
પરંતુ તું સારથિપુત્ર, શૂદ્ર !

મૃગેન્દ્ર ઝૂઝે કદિ શ્વાન સાથે ?
ન શસ્ત્ર, તું ચાબુક ધાર હાથે !' 70

સદ્ય દુર્યોધને આવી અંગાધિરાજનું પદ,
કર્ણને અર્પિયું હોંશે, અમારો મોડવા મદ.
હાડોહાડ ગયું ખૂંપી, વેરનું બીજ તે દિ'થી,
વૃક્ષરૂપે ધીમે ધીમે અડાબીડ ગયું વધી. 74

સંધ્યા ધીમે રજનીતિમિરે ડૂબીને લુપ્ત થાય,
ઝાંખો, આછો ટમટમ થતો તારકોનો ઉજાસ.
આઘે ઊભાં તરુવર બધાં સ્તબ્ધ, કાલિંદીનીર
વ્હેતાં ઝીલી સ્વર રુદનનાં; મૂંગું રોવે સમીર.
રાજાના ઉરથી ઊન્હા નિ:શ્વાસો ઊભરાય છે,
મ્હોં પરે ભાવની છાયા આછી શી બદલાય છે. 80

રણાંગણો નેત્રથી લુપ્ત થાય,
પાંચાલમાં પાંડવપાય ધાય !

બાજી રહ્યો મંડપ લગ્નનોબતે,
પોતે હતા વિપ્ર તણી જ સોબતે.
આવ્યા હતા રાજવી દેશ દેશના,
સ્વયંવરે તે દિન યાજ્ઞસેનીના.
ઊઠી, ઊઠી સૌ મથતા જ વીંધવા,
ઘૂમી રહ્યું મત્સ્ય, ન કોઈ ફાવતા ! 88
મત્સ્યને વેધવા જયારે રાજા કોઈ સમર્થ ના,
ડગલાં માંડતો કર્ણ, વીરશ્રેષ્ઠ છટાભર્યાં.

યાજ્ઞસેની રહે ન્યાળી, ઔત્સુક્ય નયને ધરી;
નિહાળી કર્ણને એના મુખભાવ જતા ફરી !
'કર્ણ છે પુત્ર દાસીનો, એને હું ન વરું કદિ,
સૂતપુત્ર તણો હસ્ત રાજપુત્રી ગ્રહે નહિ !'
વચનો યાજ્ઞસેનીનાં હૈયાને શતધા વીંધે,
કર્ણના ચિત્તને ઉગ્ર મંથનાગ્નિ ગ્રસી રહે. 96
'રે, જન્મથી હીન સદૈવ સૃષ્ટિમાં,
ડૂબી જતાં શું અપમાન-વૃષ્ટિમાં ?
ભર્યું ભર્યું જીવનપાત્ર અમૃતે
શું નીચને ઝેર જ માત્ર અર્પશે ?
વજ્રપ્રહારો વિધિ ર હાથે,
ઝીંકયે જતો શું કુલહીન માથે ?
પીડિત, પાપી, અધમોનું વૃંદ,
થશે ન આ બંધનથી વિમુક્ત ?' 104
વજ્રપાત થયે જેવું મહાવૃક્ષ જતું બળી,
આઘાતે કર્ણનું તેવું સ્વાસ્થ્ય સર્વ લીધું હરી.
આવીને આસને બેઠો, નિશ્ચલ, જડ, દુર્બલ;
હસે આખી સભા, સાથે ગુપ્ત વેશે ય પાંડવ. 108
વેરના અગ્નિમાં હોમી કટાક્ષો, વેણ તોછડાં,
અપમાનો તણું આજ્ય, સંવર્ધી જ અમે રહ્યાં.
હૈયામાં ધર્મ રાજાના વેદના વધતી જતી,
વ્યોમમાં નીરખે શૂન્ય ચંદ્રવિહીન શર્વરી.
રાત્રિની કાલિમા જેવું દૃશ્ય કો સ્મરણે ચઢે,
અંભોધિ રાજવીચિત્તે દુ:ખનો ફરી ઊછળે. 114

દ્યૂતના ફેંકીને પાસા, શકુનિ હરખાય છે;
હારેલા પાંડવો ન્યાળી, હર્ષનો ધ્વનિ થાય છે.
એક એક કરી હાર્યા, ધર્મ ચારે સહોદર,
પછીથી જાત પોતાની, હાર્યા દ્રૌપદી છેવટ.

ન હર્ષ દુર્યોધનનો સમાય,
ને પાંડવો મસ્તક ઢાળી જાય.
રે, અટ્ટહાસ કરી કર્ણ રહંત ગાજી,
'પાંચાલીને આજ બનાવું દાસી !
મારું સ્વયંવર મહીં અપમાન કીધું,
દૈવે બધું મૂલ્ય ચુકાવી દીધું !
જાઓ ગ્રહી કેશ, કરો ખડી અહીં,
એ દાસી છે,
એ દાસી છે સર્વ સભાજનો તણી;
સૌ, કિંકરી પામર શી રહો ગણી !'
પ્રકીર્ણકેશી, પતિતાર્ધવસ્ત્રા,
વદી રહી દ્રૌપદી કંપમાના;
'પરસ્ત્રી છું, છું વળી હું રજસ્વલા,
ન ખેંચશો વસ્ત્ર, હું એકવસ્ત્રા !'
પ્રચંડ હાસ્યધ્વનિ માંહી વેણો
ડૂબાવી, ક્રોધાગ્નિભરેલ નેણો
ઘૂમાવીને, કર્ણ વદંત વાણી,
'હોયે વિવસ્ત્ર કદિ પાંડવ કેરી રાણી,
હૈયે મને ક્ષોભ જરી નહિ થતો,
વૈરાગ્નિ તો વેરથી માત્ર તર્પતો !'

‘વેરથી દગ્ધ આ કર્ણે પ્રેર્યો કૌરવપક્ષને,
યુદ્ધપક્ષે દીધું હોમી શત્રુ સૈન્ય સમસ્તને.
વૈરાગ્નિ વેરથી ક્યાંયે થતો શાંત હશે કદિ ?
નિબિડ વન શું આખો કુરુવંશ ગયો જલી. 142

ન હોત જો કૌરવ સંગ કર્ણ,
ના પેટાયું હોત સંહારસત્ર.
અમે ન કો દિ વીરતા પિછાની,
સદૈવ એની કુલહીનતાની
હાંસી ઉડાવી, વખ ઘોર વાવી,
અંકુરને વૃક્ષ દીધું બનાવી.’ 148

અસહ્ય વેદના પામી, પૂર્વાકાશે નિહાળતાં,
કાલિમા ઘટતી, ભાસી અરુણોદય રક્તિમા.
દુ:ખાર્તા, ભગ્ન, કંપિતા, શ્યામ વસ્ત્ર પરિવૃતા,
અશ્રુને રોધતાં કુંતી, યુધિષ્ઠિર કને જતાં.
‘રોધીને શોક હૈયામાં, આરંભો શ્રાદ્ધ સત્વર,
પ્રથમ કર્ણનું, તારો હતો એ જ્યેષ્ઠ ભ્રાતર !’ 154

# વિવરણ

અનુક્રમણિકા

## ૧. શસ્ત્રાધ્યયન

**મહાભારતના** અત્યંત તેજસ્વી એવા કર્ણના પાત્રને, તેના સમગ્ર જીવનવૃત્તાંતને પાંચ કાવ્યખંડમાં વ્હેંચીને આલેખવાનો પ્રયત્ન 'મહારથી કર્ણ' નામના આ દીર્ઘ કાવ્યરચનામાં કર્યો છે.

કર્ણ-પોતાની જનેતા કુંતીએ જન્મવેળા શિશુ અવસ્થામાં જ ત્યજી દીધેલો અને અધિરથ તથા રાધાએ પુત્રવત્ ઉછેરીને મોટો કરેલો કર્ણ, એક અજ્ઞાત શિષ્ય તરીકે, રઝળતો-ભમતો મહર્ષિ પરશુરામના આશ્રમમાં શસ્ત્રાધ્યયનની તાલીમ પામે છે તે ઘટનાથી પ્રથમ કાવ્યખંડનો પ્રારંભ થાય છે. આ કાવ્યખંડનું '**શસ્ત્રાધ્યયન**' શીર્ષક પણ આ ઘટનાનું સૂચક છે.

૧. **તળાંસું** – ધીમે ધીમે ચાંપું, આસ્તે આસ્તે પગ ચંપી કરું.

૨. **દર્ભાસને** – દર્ભ (દાભડો) નામના ઘાસમાંથી બનાવેલા આસન ઉપર.

૪. **વાર્ધકયે** – વૃદ્ધાવસ્થામાં. **કાંતિ** – તેજ

૫. **કુટીર** – ઝૂંપડી.

૮. **વત્સ** – બાળક, અનાથ હતો તેથી તેને પુત્ર જેવો ગણ્યો.

૯. **પ્રચંડબાહુ** – પ્રચંડ ભુજાવાળા, મહાબળવાન શૂરવીર.

૧૧-૧૨. ભૂતકાળમાં શસ્ત્રો વડે આચરેલી ઘોર હિંસાથી મન ખિન્ન થઈ ગયું, ને હિંસાનો માર્ગ ત્યજી, સાચો બ્રાહ્મણધર્મ સ્વીકાર્યો.

૧૩. **શાસ્ત્રશસ્ત્રને** – બ્રાહ્મણ ધર્મ સ્વીકાર્યો તો ખરો, પરંતુ શસ્ત્રવિદ્યા શિષ્યોને શીખવવાનું ચાલું રાખ્યું.

૧૪. **બ્રાહ્મણબટુ** – કર્ણ જન્મે બ્રાહ્મણ નહોતો પરંતુ બ્રાહ્મણનો પુત્ર હોવાનો, પરશુરામ પાસે શસ્ત્રવિદ્યા શીખવા માટે છદ્મ વેશ ધર્યો, ઢોંગ કર્યો.

૧૮. પરશુરામના વ્યક્તિત્વનાં બે પાસાં-તેમનું ક્ષાત્રતેજ અને વિપ્રશ્રેષ્ઠનું તપસ્ આ પંક્તિમાં દોર્યાં છે, તેમની કુટિરમાં રહેલી રોજના વપરાશની સામગ્રીના વર્ણન દ્વારા.

૧૯. **શિબિર** – છાવણી, શિબિર સંસ્કૃતમાં પુંલિંગ શબ્દ છે.

૨૨. **મૃગલું** – હરણ, મનરૂપી હરણશિશુ - <u>રૂપક અલંકાર</u>

૨૩-૨૬ કર્ણના હાથ ગુરુના પગ યંત્રવત્ ચાંપે છે, મનકુરંગ ભૂતકાળનો વનવગડો ખૂંદે છે. બાલ્યાવસ્થામાં જોયેલી અને ચિત્ત ઉપર ખૂબ ઝાંખા સંસ્કાર રૂપે આલેખાયેલી

માતૃમુખની છબી, ચંદ્ર જેવી શીતળ તથા અમૃતપૂર્ણ, નજરે તરે છે તેનું ચિત્ર આ પંક્તિઓમાં દોરાયું છે.

**ચંદ્રાનના** – ચંદ્ર જેવા સુંદર મુખવાળી માતાની સંસ્કારરૂપે અંકાયેલી છબી.

**પયામૃત** – માતાનું અમૃત જેવું ધાવણ. રાધા જનેતા નહોતી, તો પણ માતાની જેમજ મારું જતન કર્યું, લાલનપાલન કરી, અમૂલાં પયપાન કરાવી મને ઉછેર્યો.

૨૯. **સાંપ્રત** – વર્તમાન.

૩૧. **સહસ્રરશ્મિ** – સૂર્ય. **વિક્રમી** – પરાક્રમી. **પુંજ** – ઢગલો, રાશિ.

૩૫. **દ્વિરેફ** – ભ્રમર.

૩૬. **લોચતો** – આલોચના કરતો, વિચારતો.

૩૭. **જાંઘ પે** – સાથળ ઉપર.

૪૪. **ભૃગુ કુલોત્તમ** – ભૃગુ ઋષિના શ્રેષ્ઠ વંશજ.

૪૯. **વહ્નિની જ્વાળા** – અગ્નિની શિખા.

૫૪. **છલના** – ફૂડકપટ, અસત્ય વ્યવહાર.

૫૫-૫૬. ગુરુનો કે વડીલોને દ્રોહ કરનાર, દંભ આચરનાર, વિશ્વાસઘાતી અને હીણાં કર્મોમાં રાચનાર, વિદ્યાના સાત્ત્વિક તેજને ઝીલી શકે જ નહિ. શીલ વિના વિદ્યા શોભે નહિ, અને ટકે પણ નહિ. આપણાં ધર્મશાસ્ત્રોની પણ આ જ શીખ છે.

૫૮. **જાહ્નવી** – ગંગા.

૬૨-૬૩. ઉગ્ર ક્રોધથી અતિશય વ્યગ્ર એવા પરશુરામ પંક્તિનું પૂરું ઉચ્ચારણ પણ નથી કરી શકતા. 'તું કોણ છે ? ક્ષત્રિય કે બ્રાહ્મણ ?...કેમ બોલતો નથી ?' - પરશુરામના

અસહ્ય, અવર્ણ્ય ક્રોધપૂર્ણ આવેગને, પંક્તિનું ખંડન કરી, બેવડાવી, આલેખ્યો છે.

૬૫. **પ્રપાત** - ધોધ. આ પંક્તિમાં ઉપમા અલંકાર આલેખાયો છે.

૬૬. **દુર્ગ** – કિલ્લો. ગુરુનો પ્રચંડ ક્રોધ અને કર્ણની પોતે આચરેલી છલના પ્રગટ થઈ જવાથી ઉદ્ભવેલી નિરાધારતા, ભોંઠપ, લજ્જા, ભય આદિ ભાવોની અભિવ્યક્તિ માટે, આ શ્લોકમાં ઉપમા, રૂપક વગેરે અલંકારો પ્રયોજ્યા છે.

૬૯. **જલધિ** – સમુદ્ર.

૭૩-૭૪. **નતમસ્તક** - લજ્જાથી મસ્તક નીચું ઢાળીને દૃષ્ટિને પણ પૃથ્વી પર જડી દીધી છે; ઊંચી આંખે ગુરુના મોં સામે જોવાની હિંમત કરી શકતો નથી, ગુરુની પ્રચંડ વીજળી જેવી દૃષ્ટિનો તાપ જીરવી શકતો નથી.

**કર-સંપુટ** - બન્ને હાથ ગુરુ સન્મુખ જોડીને ધરી રાખેલી અંજલિ.

૮૦. **અંજન** – આંજણ.

૮૫. **દુર્ધર્ષતા** - સંઘર્ષણ.

૮૯. **ઋત્** - શીલ, સંયમ, તપ, નીતિ, વિદ્યા વગેરે મૂલ્યોને પ્રાધાન્ય આપતો બ્રાહ્મણધર્મ.

**કૃતઘ્ની** – ગુરુ કે વડીલોનો દ્રોહ કરનાર.

૯૦. **સ્મૃતિભ્રષ્ટ** - જેની સ્મરણશક્તિ લુપ્ત થયેલી છે. 'તારા આયુષ્યની અંતિમ પળોમાં તારી સ્મરણશક્તિ લુપ્ત થશે : મને છેતરીને, દ્રોહ કરીને પ્રાપ્ત કરેલી શસ્ત્રવિદ્યાનું અને તેના વિવિધ ઉપયોગની કળાનું સ્મરણ સુધ્ધાં તને રહેશે નહિ.' સહજ જ, ક્રોધના આવેશમાં અને પોતાને લાગેલા આઘાતના

સ્વાભાવિક પરિણામ રૂપે, આ શાપવચનો પરશુરામના મુખમાંથી સરી પડે છે.

૯૧. **અરવ** – શાંતિપૂર્વક, કશો પણ અવાજ કર્યા વિના.

૯૩. **દુકૂલ** – રેશમી વસ્ત્ર, અહીં શ્યામ વાદળોની છાયા, વૃક્ષો અને નદીનાં જલ ઉપર કાળા રેશમી વસ્ત્રની જેમ વીંટળાઈ જાય છે તેવો અર્થ ઘટાવાય. આ પંક્તિઓમાં રૂપક અને સજીવારોપણ બન્ને અલંકારો પ્રયોજ્યા છે.

ગુરુના શાપની છેવટે કર્ણના મૃત્યુમાં પરિણમતી ભયંકરતા, અને કર્ણની ગૂઢ દારુણ હૃદયવ્યથા, સમુચિત પ્રકૃતિ વર્ણનથી ધ્વનિત કરી છે.

# ૨. ઔદાર્ય મૂર્તિ

**અપમાનિત** અને લાંછિત થયેલા કર્ણને પરશુરામનો આશ્રમ ત્યજવો પડે છે. સમુદ્રમાં તરંગોથી અથડાતા સઢસુકાનહીન નાવની જેમ તેનું જીવનનાવ લક્ષ્યહીન આમ તેમ અથડાય છે. ભાગ્યવશાત્ હસ્તિનાપુરમાં તે કૌરવ પાંડવોના રાજકુમારોના શિષ્યવૃંદમાં ભળી ગયો, પરંતુ ધનુર્વિદ્યાના મહોત્સવમાં ભાગ લેવા જતાં તેનો ભયંકર તેજોવધ થાય છે, તે પ્રસંગથી આ બીજા કાવ્યખંડનો આરંભ થાય છે.

૧. **લાંછિત** – કલંકિત.

૨. **શોકાકુલ** – શોકથી આકુલવ્યાકુલ, વ્યથિત.

૪. **મુખ** – ગુરુ પરશુરામનું ક્રોધ અને પૂર્ણ વત્સલતાભર્યું મુખ.

૮. **ઋત્વિજો** – યજ્ઞમાં હોમ કરનાર.

૧૫-૨૨. શસ્ત્ર સ્પર્ધામાં અર્જુને શ્રેષ્ઠ નૈપુણ્ય દાખવ્યું તેને કર્ણ આવાહન આપી પોતાની સાથે સ્પર્ધા કરવા કહે છે. વળી અર્જુનની શસ્ત્રનિપુણતાનો ઉપહાસ કરે છે. અર્જુને દાખવેલી વિવિધ શસ્ત્રકળા પોતે આસાનીથી કરી બતાવવા તૈયાર છે તેમ જણાવે છે, ને પોતે જે વિશિષ્ટ શસ્ત્રપારંગતતા પ્રદર્શિત કરે તેવી કળા અર્જુન પણ બતાવે તેવો પડકાર ફેંકે છે.

૧૫. **લઘુપક્ષી** – મોટા ઘેઘૂર વૃક્ષ ઉપર, એક નાનકડું માટીનું બનાવેલું પંખી બેસાડી, અર્જુનને તેની લક્ષ્યસિદ્ધિ અને એકાગ્રતા ચકાસવા, પંખીની ખૂબ નાની એવી આંખને વીંધવાનું

કહેવામાં આવ્યું હતું, જે અર્જુને બાણ ફેંકી આસાનીથી કરી બતાવ્યું હતું.

૨૩. **ચિત્રમાં ચીતર્યા જેવી** – મૂંગી, શાંત, નિર્જીવ જેવી, પાષાણની પ્રતિમાઓ જેવી.

૨૪. **વીરશ્રી** – શૌર્યલક્ષ્મી.

૨૬. **સ્પર્ધારંગ** – સ્પર્ધાએ ધરેલું નવું સ્વરૂપ. **અપૂર્વને** – અવનવા એવા સ્પર્ધાના રંગને.

૨૭-૨૮. રાજ્ઞીવૃંદમાં બેઠેલી માતા કુંતીની મૂંગી હૃદયવ્યથાનો આરંભ થાય છે.

૨૯. **સંકેત** – ઇશારો, નિશાની, ગુરુ દ્રોણ શસ્ત્રસ્પર્ધામાં અર્જુન કરતાં કર્ણ શ્રેષ્ઠ ઠરે એ ભીતિથી, કર્ણનો તેના વંશ વિશે પ્રશ્ન કરી, તેજોવધ કરે છે. તેમની કર્ણને 'સુત' શબ્દથી સંબોધી વત્સલતા બતાવવાની ક્રિયા, લોકબોલીમાં કહીએ છીએ તેમ 'હાથીના દેખાડવાના અને ચાવવાના જુદા જુદા દાંત' જેવી છે.

૩૧-૩૨. કર્ણ સૂતપુત્ર, દાસીપુત્ર, સારથિ અધિરથ અને દાસી રાધાનો પુત્ર હતો તેવા ઉલ્લેખ કરે છે. **શલ્ય** – શૂળ, કાંટો, તીર, વચનોનું શલ્ય. રૂપક અલંકાર.

૩૩. – આ પંક્તિથી કર્ણનો રોષ ઉગ્રરૂપે ભભૂકી ઊઠે છે તેનું આલેખન થયું છે. 'વંશ કે જાતિને કારણે વીર પુરુષને શું કોઈ લાંછન લાગી શકે ?' તેને પ્રશ્ન થાય છે. તેનું સ્વાભિમાન ઘવાય છે. હું જન્મ કે વંશને કારણે હીન કે કલંકિત ગણાતો હોઉં તો, માત્ર મારું જ કલંક નહિ, હીન જન્મ કારણે લાંછિત ગણાતા તમામ કલંકિતોનું લાંછન હું મારા બાહુબળે, સ્વપરાક્રમ વડે લૂછીશ. મારા ધન્ય ભાગ્ય છે કે મને કલંકિતોના વૃંદમાં, આ રીતે ભળવાની, તિરસ્કૃત થઈને પણ તેમનામાં પુરુષાર્થની,

આત્મોન્નતિની ભાવના જાગૃત કરવાની તક મળી. હું મારા કલંકને ભાગ્ય વડે ક્યારે ય ઢાંકીશ, છાવરીશ કે અલંકૃત નહિ કરું, પણ બાહુબળના તેજથી , પરાક્રમથી, જન્મ-લાંછનને લૂછીશ.

૪૧-૪૩. હું કેવળ મારું પોતાનું વ્યક્તિત્વ, મારી અંગત સિદ્ધિઓ અને યોગ્યાયોગ્યતાના જોરે જ, જીવીશ, અનંત જીવનપટ પર મારી આ પ્રકારની જ મુદ્રા આંકીશ, મારું પોતાનું વ્યક્તિત્વ પ્રગટ કરીને.

૪૪-૪૮. આ પંક્તિઓમાં ભીમ કર્ણની ભાવનાને, ઉત્કટ ઉપહાસ કરી, ભયંકર આઘાત આપે છે – 'તું ભલેને આપ વડાઈ કરે, તું શૂદ્ર છે, હીન કુલમાં જન્મેલો છે, સારથિનો પુત્ર છે. તારા હાથમાં સારથિપુત્ર હોવા કારણે, જેવી લગામ શોભે તેવું ધનુષ્ય ન શોભે !'

૪૫. **વંશાનુવંશે** – વંશપરંપરાથી, અનેક પેઢીથી, **વાહક** – હાંકનાર, વહન કરનાર.

૪૯-૫૦. માતા કુંતીની દારુણ હૃદયવ્યથા આ બે પંક્તિમાં આલેખી છે. પ્રગટ રીતે તે કર્ણની જનેતા છે તેમ કહી શકે તેવી સ્થિતિમાં નથી, અને જનેતા તરીકે સ્વપુત્રનો આવો ઉપહાસ, ભયંકર તેજોવધ તે સહી શકતી નથી.

**અંગાધિરાજનું પદ** – અંગ દેશના અધિરાજનું સ્વામીત્વ કે પદ. કૌરવો કર્ણનું અધિરાજના પદથી સન્માન કરે છે.

૫૪. **સ્નેહપરાવૃત** – સ્નેહથી છાઈ ગયેલું, હર્ષાન્વિત થયેલું.

૫૫. **મોડ** – લગ્ન પ્રસંગે સ્ત્રીને માથે મુકાતો સુથાડિયાની સળિઓનો બનેલો ઘાટ, જવાબદારીયુક્ત, મંગલકારી સ્થિતિસૂચક પદ.

૫૬. **કૌરવશ્રેષ્ઠ** – દુર્યોધન.

૬૩. **આયુષ્યનું સંચિત** – આખા જીવનની કમાણી, જીવનનું સર્વશ્રેષ્ઠ

૬૩. **સંધ્યાવંદન** – કર્ણ દરરોજ ત્રિકાળ સંધ્યા કરે છે તે પ્રસંગે.

૬૪. **અર્ચના** – પૂજા.

૬૫-૬૬. તેજસ્વી મુખમુદ્રાવાળા અને જર્જરિત વસ્ત્રો ધારણ કરેલા વિપ્રનું સૂચક વર્ણન.

૬૭. **કરાંજલિ** – બે હાથ જોડી કરેલી વંદના.

૭૨. **સુર શો હું ઉત્તમ** – વિપ્ર પોતે કોણ છે તે વાત અસત્ય બોલ્યા સિવાય છુપાવે છે.

૭૩. **અકિંચન** – નિર્ધન.

૭૭. **કુંડલ** – પુરુષોના કાનમાં પહેરવાનું ઘરેણું.

૭૮. **કવચ** – બખતર.

૮૦. **મૃત્યુંજયી** – મૃત્યુ ઉપર વિજયી નીવડે તેવી, મૃત્યુનો પરાજય કરનારી.

૮૧. **ભૂદેવ** – પૃથ્વી ઉપરના દેવ, વિપ્રશ્રેષ્ઠ.

૮૨. **શ્લિષ્ટ** – જોડાયેલું, ચોંટેલું, સંકળાયેલું.

૮૩. **છલના** – કપટ.

૮૫. **એકઘ્ની** – એક વ્યક્તિનો નિશ્ચિત વધ કરનારી. **સાંગ** – બરછી જેવું ઇન્દ્ર ધારણ કરતો હતો તે હથિયાર.

૮૭. **કાલાંતક** – મૃત્યુ આણનાર, **અમોઘ** – અચૂક.

૯૩. અર્જુન ઇન્દ્રનો પુત્ર હતો તેથી ઇન્દ્રની જ સાંગ અર્જુનને હણે તે કેમ બને ? પિતાની વત્સલતા ને વેદના બન્ને આ વચનોમાં અભિવ્યક્ત થાય છે.

૯૬. **દીપ્તિ** – પ્રભા, તેજ.

૯૭. **અંજલિ** – અર્ઘ્ય રૂપે ખોબામાં ભરેલું હોય તે જલ કે દ્રવ્ય.

૧૦૧. **જાહ્નાવીનીરઊર્મિ** – ગંગાનાં જલ અને તરંગો

૯૯-૧૦૨. કર્ણના ભવ્ય ત્યાગને, તેની અપૂર્વ પ્રતિજ્ઞાને, તેના અપ્રતિમ ઔદાર્યને, પ્રકૃતિ વર્ણનના આ શ્લોક દ્વારા આલેખ્યાં છે.

આ વર્ણનને પ્રકૃતિમાં ભાવારોપ કહેવાય. અહીં પાત્રની સ્થિતિ અને પ્રકૃતિની સ્થિતિ વચ્ચે રહેલા સમભાવની, માનવવૃત્તાન્ત અને પ્રકૃતિના વૃત્તાન્ત વચ્ચે રહેલા ગૂઢ અને સૂક્ષ્મ સંબંધની, અતૂટ મુદ્રા ઉઠાવી છે માટે.

## 3 : વાત્સલ્ય

**શૌર્ય**, ઔદાર્ય અને સ્વામીભક્તિ એ ત્રણે ગુણોનો કર્ણ જીવંત અવતાર હતો. કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધના ઘોર દદામા બજવાની અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે. સર્વસંહારક યુદ્ધના ઘનઘોર અને બિહામણા ઓળા હસ્તિનાપુર પર ઊતરી રહ્યા છે, તે પ્રસંગે માતા કુંતી, કર્ણ જો કૌરવને બદલે પાંડવ પક્ષે હોય તો, યુદ્ધમાં પાંડવોને અવશ્ય વિજય મળે તેવી જ માન્યતાથી પ્રેરાઈને નહિ, પરંતુ કર્ણ પોતાનો જ પુત્ર છે, પાંડવોનો જ્યેષ્ઠ બંધુ છે; તેના હાથે પાંડવો હણાય કે પાંડવોને હાથે – સંભવતઃ અર્જુનને હાથે – કર્ણનું મૃત્યુ થાય; માજણ્યા ભાઈના હાથે જ ભાઈનો વધ થાય, અને તેની મૂંગી સાક્ષી બની, આવી અસહ્ય વેદનાના અગ્નિરસનું પોતે આકંઠ પાન કર્યા કરે તેવી પરિસ્થિતિ ટાળવા, બધી લજ્જામર્યાદા કોરે મૂકી, કર્ણને તેના જન્મની સાચી વાર્તા કહી, તેને મનાવી લેવા, પાંડવપક્ષે યુદ્ધનું નેતૃત્વ ધારણ કરવા સમજાવવાનો નિર્ણય કરી, સંધ્યાવંદનનું નિત્યકર્મ કરી રહેલા એવા કર્ણને મળે છે ત્યાંથી આ કાવ્યખંડની માંડણી કરી છે. માતા અને પુત્રનું વિધિનિર્મિત, અકલ્પ્ય એવું આ મિલન, પુત્રનો પોતાને જન્મભર થયેલા ભયંકર અન્યાય અંગેનો ઉગ્ર છતાં સ્વાભાવિક રોષ, અને માતૃહૃદયનું ઘેરા વિષાદના રંગે રંગાયેલું, અપાર વાત્સલ્ય : આવા ત્રિવિધ સંઘર્ષયુક્ત કર્ણના જીવનવૃત્તાન્તની આ ઘટના, કર્ણના પાત્રની બાહ્યાભ્યંતરને બરાબર ચરિતાર્થ કરે છે.

૧. **અર્ધ્ય** – પૂજા, અભિષેક.

૪. **સ્રીજન** – કુંતી.

૫. **પાંડુર** – ફિક્કી, લોહી વિનાની દુર્બળ કાયા.

૭-૧૦. કર્ણને આ અગાઉ પોતાના જન્મવૃત્તાંતની કૃષ્ણ દ્વારા જાણ થયેલી હોઈ, તે પ્રથમથી જ કટુ, કટાક્ષપૂર્ણ વચનો બોલે છે. 'તમે રાજમાતા : પાંડવોની જનની, આમ આ નિર્જન સ્થળે એકાકી ? હું તો સૂતપુત્ર, સારથિ, અધિરથ અને રાધાનું સંતાન, તેને મળવા તમે ઊઠીને આવ્યાં ?'

૧૨. **અભ્રઘટા** – વાદળોની છાયા.

૧૫. **હું પુષ્પ** – કુમળા ફૂલ જેવા સુકુમાર હૃદયવાળી હું, તેના પર વજ્ર જેવા તારા તીવ્ર રોષયુક્ત અને કટાક્ષપૂર્ણ વચનોના પ્રહારો.

૧૯. **ઝંઝાંધકારે** – ભયંકર ઝંઝાવાત અને અંધકાર ઊમટે ત્યારે પણ. **ઉરવ્યોમ** – ઉર રૂપી વ્યોમ : રૂપક અલંકાર.

૩૧. **વત્સનું** – પોતાના નવજાત પુત્રનું.

૩૧-૩૨. નવજાત શિશુ, જેણે પોતે ત્યજી દીધેલો તે જ આ કર્ણ : કુંતીના જીવનમાં તેની કૌમારાવસ્થામાં બનેલી અવિસ્મરણીય ઘટના એક સ્વપ્નની જેમ તેની આંખ સામે ફરી ભજવાતી હોય તેમ તાદૃશ થાય છે : કુંતી વૃદ્ધાવસ્થાથી પોતાના દુર્બળ થયેલા હાથ, વાત્સલ્ય ભાવે, કર્ણ નવજાત શિશુ હોય તેમ તેના મસ્તક અને ખભા ઉપર ફેરવે છે, ને તરત તે લૌકિક વાસ્તવિકતાની નક્કર સૃષ્ટિનું પાત્ર બની જાય છે.

૩૩. **રાધેય** – દાસી રાધાનો પુત્ર. **શૂદ્રજ** – શૂદ્ર વંશમાં જન્મેલો, અધિરથનો પુત્ર.

૩૪. **કૌંતેય** – કુંતીનો-મારો-પુત્ર (કર્ણ). **અગ્રજ** – મોટો-ભાઈ, સૌથી મોટો પુત્ર, જ્યેષ્ઠ ભ્રાતા.

૩૫. **સવિતૃ** – સૂર્ય દેવતા.

૩૬. **વિક્રમી** – પરાક્રમી. **પુંજ** – રાશિ, ઢગલો.

૪૫. **વિવર્ણ** – રંગ ઉડી ગયેલી, ફિક્કી.

૪૯. **પર્વ** – ઉત્સવ.

૫૦. **કાલિમા** – શ્યામતા, કાળાશ.

૫૭. **પરિવાર** – કુટુંબ.

૬૦. **શોભન** – શોભા, સૌંદર્યશ્રી.

૬૭. **અદકી** – વધારે, વિશેષ.

૭૬. **છડી** – નેકી પોકરવી, કર્ણના શબ્દોમાં સંહારની નેકીનો પોકાર સંભળાય છે.

૭૮. **અનુજો** – પાછળથી જન્મેલા, લઘુ બંધુઓ, નાના ભાઈઓ.

૭૯. **પાવક** – અગ્નિ.

૮૪. **સંવર્ધ્યો** – ફૂંકી ફૂંકીને પ્રજ્વલિત કર્યો.

૮૮. **અક્ષત** – ક્ષત થયા વિનાનો, અખંડિત.

૮૯. **પુત્રક** – પુત્ર, છેડે લાગેલો ‘ક’ પ્રત્યય લઘુતા, લાડ કે વાત્સલ્ય દર્શાવવા લગાડાય છે.

૯૩. **હું-પદે** – મારા પદમાં, મને અર્પણ કરશે, હું જ્યેષ્ઠ છું તેથી રાજ્ય ઉપર મારો અધિકાર છે તેમ માનીને. યુધિષ્ઠિરની ભવ્યોદાત્તતાનું સૂચન પણ આ પંક્તિમાં થયું છે.

૯૮. **પાર્થને** – અર્જુનને.

૯૯. **ધૂસર** – ધૂંધળું, ધૂળના રંગનું.

## ૪. મૃત્યુ

**શ્રીકૃષ્ણ** અને માતા કુંતી બન્નેના, કર્ણને પાંડવપક્ષે લઈ આવી તે યુદ્ધનું નેતૃત્વ સંભાળે તેવા પ્રયત્નો નિષ્ફળ થયા છે. શ્રીકૃષ્ણ દ્વારા થયેલા વિષ્ટિના પ્રયત્નને પણ સફળતા મળી નથી. યુદ્ધના સર્વસંહારક ઘોર દદામા ગાજી ઊઠ્યાં છે. બન્ને પક્ષે સંહારની કોઈ સીમા રહી નથી. ચોતરફ મૃત્યુ નિર્બંધ રીતે તાંડવ રમી રહ્યું છે. કુરુક્ષેત્રના આવા સર્વભક્ષી યુદ્ધનો આજે સત્તરમો દિવસ છે. યુદ્ધમાં બન્ને પક્ષના સર્વોત્તમ પ્રતિનિધિરૂપ કર્ણ અને અર્જુન સામસામે આવી જાય છે. કોણ જાણે કેમ, કદાચ વિધિના નિર્મિતિથી, કદાચ ગુરુનો દ્રોહ કરી, ગુરુને છેતરી પોતે જે શસ્ત્રવિદ્યા શીખ્યો હતો ને પરિણામે ગુરુએ તેને 'અંતકાળે તું સ્મૃતિભ્રંશ થશે' તેવો શ્રાપ આપ્યો હતો તેથી કે આકસ્મિક, કર્ણના રથનું જમણું ચક્ર બરાબર આ પળે જ લોહીથી લદબદતી યુદ્ધભૂમિમાં ખૂંપી જાય છે : મહાબાહુ અર્જુનને એક પળ પોતા તરફ શસ્ત્ર નહિ ફેંકવા તે પ્રાર્થે છે ને કર્ણની આ વિનવણીથી આ કાવ્યખંડનો આરંભ થાય છે.

૧. **સત્ર** – સંહારરૂપી યજ્ઞના પ્રારંભથી તે અંત સુધીનો સમય.

૨. **અબંધિત** – નિર્બંધ, સ્વતંત્ર.

૩. **ગજો** – હાથીઓ.

૮. **શરણાર્થી** – શરણ યાચતો, **દીન** – ગરીબ. **ત્રસ્ત** – ત્રાસેલો, પરેશાન.

૯-૧૦. હું કર્ણ છું. યોદ્ધો છું. તારી (અર્જુનની) દયાની યાચના હું નથી કરતો, બલકે યુદ્ધધર્મ પ્રતિ તારું ધ્યાન ખેંચું છું, ને તે પાળવા કહું છું. તું તો યુદ્ધધર્મનો શ્રેષ્ઠ જ્ઞાતા છે.

૧૨. **કવચહીન** – બખતર વિનાનો. **નિ:શસ્ત્રી** – શસ્ત્રહીન.

૧૪. **આતતાયી** – મહાપાપી, ખૂની, પીડનાર. યુદ્ધધર્મનો તું શ્રેષ્ઠ જ્ઞાતા છે, વીર છે; ને યુદ્ધધર્મનો ભંગ કરી, ખૂનીની જેમ જયારે હું મારા રથનું ચક્ર બહાર ખેંચવા નીચો નમેલો છું ત્યારે મારો વધ કરીશ તો તારી વીરશ્રીને લાંછન નહિ લાગે ?

૧૬. **વ્યંગમાં** – મશ્કરીમાં, મર્મમાં.

૧૮. **શોચના** – વિચારણા.

૨૦. **કૃષ્ણા** – દ્રૌપદી. શ્રીકૃષ્ણે બહેન માનેલી તેથી દ્રૌપદીનું કૃષ્ણા નામ પડ્યું.

૨૪. **તન અંક લેવા** – દુર્યોધન તને આલિંગન કરવા, તારા દેહને પોતાના ખોળામાં લેવા આતુર છે.

૨૬. **વાણીકર્મ** – શ્રીકૃષ્ણ કર્ણને પૂછે છે કે તારી આવી અધર્મયુક્ત વાણીમાં અને કર્મમાં શું ધર્મ ભર્યો હતો ?

૨૯-૩૦. ભીમને પ્રપંચ કરી ઝેરયુકત ભોજન ખવરાવી, સર્પદંશ કરાવી, બેહોશ બનાવી તેના દેહને નદીના જલમાં ફેંકી દીધો હતો તે પૂર્વઘટનાની યાદ આપી, શ્રીકૃષ્ણ કર્ણને મહેણું મારે છે કે તું બહુ ધર્માચારી હતો તો આ બધાં કૌરવોનાં કુકર્તવ્યો તે સાંખી કેમ લીધાં ?

૩૧. **નિબિડ** – ઘાડું, ગીચ.

૩૪. **ગુપ્તવાસ** – પાંડવોને વનવાસનું અંતિમ વર્ષ ગુપ્તવાસ સેવવાનું, છુપા રહેવાનું હતું તે સમયનું સ્થિતિદર્શન.

૩૮. **લાક્ષાગૃહે** – લાખના બનાવેલા ઘરમાં.

૪૬. **વાણીના વજ્રે** – શ્રીકૃષ્ણ કર્ણને એક પછી એક મર્માઘાત કરે છે. તેમની વાણી વજ્ર જેવી કઠોર છે. આ વાણી સાંભળીને, યુદ્ધભૂમિમાં ખૂંપી ગયેલું રથનું ચક્ર, કર્ણે ખેંચીને થોડું અદ્ધર આણેલું તે પણ તેના હાથમાંથી છૂટી પડે છે.

૪૭. **મુરારિ** – મુર નામનો અસુરનો સંહાર કરનાર શ્રીકૃષ્ણ. **મેઘગભીર** – મેઘ જેવા ગંભીર નાદથી.

૫૨. **મહા ભડ** – કૌરવ પક્ષના તમે બધા મહારથીઓએ એકત્ર થઈને, એક ઊગતા ફૂલ જેવા સુકોમળ શિશુને-અભિમન્યુને-હણ્યો ! ને આમ કરવા માટે શ્રીકૃષ્ણ કટાક્ષમાં જ, કર્ણને 'ધર્મવીર' શબ્દે સંબોધન કરે છે.

૫૪. **કુકર્મફળને** – તારાં જીવનભરનાં કુકૃત્યો અને અધર્મોના પરિણામને.

૫૬. **શરસંધાન** – શરનું સંધાન, બાણ વડે નિશાન તાકવાની ક્રિયા.

૬૦. **રથારૂઢ** – રથ ઉપર બેસે, આસન ગ્રહે, રથ પર આરૂઢ થાય તેવી સ્થિતિ.

**ઢાળ ઢીમચું** – દુષ્ટ એવા કર્ણનો તું સત્વરે વધ કર, તેનો અંત આણ. 'ઢીમચું ઢાળી દે' એ લૌકિક, ખાસ કરીને સૌરાષ્ટ્રી બોલીનો પ્રયોગ છે.

૬૨. **કાળભુજા** – સ્વયં કાળની ભુજા-હાથ-જેવું, મહા ભયંકર.

૬૮. **મહારથી** – અર્જુન. છાતીમાં કર્ણે ફેંકેલું શર વાગ્યું, ને તેના આઘાતથી અર્જુન કંપી ઊઠ્યો, પણ નીચે ઢળી પડ્યો નહિ, સ્થિર ઊભો રહ્યો.

૬૯. **તોષ્યા હોય ગુરુજનો** – ગુરુજનોને સંતોષ આપ્યો હોય, તૃપ્ત કર્યા હોય. અહીં કર્ણે પૂર્વે આચરેલા ગુરુજનના દ્રોહનો પરોક્ષ સંકેત પણ છે.

૭૨. **કાલાતંક** – નિ:શંક મૃત્યુ આણે તેવું અમોઘ શસ્ત્ર કે શર.

૭૬. **દિવ્યાસ્ત્ર** – અર્જુને ફેંકેલું નિ:શંક મૃત્યુ આણે તેવું દિવ્ય આયુધ, શર.

૭૭-૭૮. પ્રથમ વર્ષામાં પર્વતો ઉપરથી ધૂળમાટીભર્યા ગેરુઆ રંગના ઝરણાંઓ ને ધોધો નીચે વહેવા માંડે તેમ કર્ણના દેહમસ્તક સાથે અર્જુને ફેંકેલું કાલાંતક અથડાંતા તેના શરીરમાંથી રુધિરના રેલાઓ વહેવા માંડ્યા. અલંકાર ઉપમા. **નત** – નમેલું. કર્ણની પોતાના રથના ચક્રને પૃથ્વીની દાઢમાંથી બહાર ખેંચવાની ક્રિયા ચાલુ હતી તેથી, સ્વાભાવિક જ તેનું મસ્તક નમેલું હતું.

૮૨. **છિદ્ય** – છેડાયેલું, શસ્ત્રના આઘાતથી વિખૂટું પડેલું.

૮૪. **ઘનાંધકાર** – ઘોર અંધકાર. કર્ણના મૃત્યુથી સમસ્ત પૃથ્વી ઉપર તેમજ કૌરવોના હૃદયાકાશમાં અને કુંતીના માતૃહૃદયમાં પ્રવર્તતી દારુણ, શોકાકુલ પરિસ્થિતિનું, પ્રકૃતિવર્ણન દ્વારા સૂચિત થતું ચિત્ર.

## ૫ : શ્રાદ્ધ

**અઢાર** અઢાર દિવસ સુધી કુરુક્ષેત્રનું યુદ્ધ ખેલાયું. અઢાર અક્ષૌહિણી સેનાનો કચ્ચરઘાણ વળ્યો. કૌરવો હણાયા. મહારથીઓ રોળાયા; મહારથી કર્ણ રણમાં ઢળ્યો. પાંડવ પક્ષની પણ પારાવાર પાયમાલી થઈ. વીર અભિમન્યુ રણમાં હણાયો અને ઉત્તરા વિધવા બની. અસંખ્ય રથીઓ અને મહારથીઓ મૃત્યુ પામ્યા.

આખું કુરુક્ષેત્ર કૌરવપાંડવ વંશની કૂલવધુઓનાં અને કુલમાતાઓનાં કરુણ આક્રન્દના હૃદયભેદક સ્વરોથી ઊભરાય છે : સ્તબ્ધ બનીને, વિજેતા છતાં પરાજિતથી પણ વધુ દારુણ વેદના અનુભવતા યુધિષ્ઠિર આક્રન્દના આ મર્મભેદક સ્વરો સાંભળી રહ્યા છે. સંધ્યાની ગાઢ, શ્યામળી છાયાની ખરલમાં આક્રન્દસૂરો ઘૂંટાય છે ને એક પછી એક યુધિષ્ઠિરના આંતરચક્ષુ સમક્ષ ભૂતકાળની ઘટનાઓ સજીવન થાય છે.

૪. **હય** – ઘોડા. **હસ્તી** – હાથી.

૯. **અક્ષૌહિણી** – ૨૧,૮૭૦ **રથ**, તેટલી જ સંખ્યામાં **હાથી**, તેનાથી ત્રણ ગણા **ઘોડા** ને **પાયદળ**ની બનેલી સેના. (હાલના ‘ડિવિઝન’ જેવું એકમ) **ક્ષય** – વિનાશ, વ્યય.

૧૩. **જોધાર** – શૂરવીર, યોદ્ધાની હોય તેવી વીરતાપૂર્ણ.

૧૬. **આર્ત્તિ** – ઊંડું દુઃખ, તીવ્ર વેદના.

૧૮. **સત્ર** – યજ્ઞ.

૨૭. **અંજન** – આંજણ.

૨૯ . **કુટુંબનીડે** – પરિવાર રૂપી માળામાં. રૂપક અલંકાર.

૪૦. **હૂબહૂ** – આબેહુબ, તાદૃશ.

૪૨. વીર**મુદ્રા** – વીર પુરુષના ચહેરા જેવા ચહેરાવાળો.

૪૬. **મોડી દીધાં** – ખંડિત કર્યા.

૫૪. **વીજવાજી** – વીજળીરૂપી ઘોડા. રૂપક અલંકાર.

૫૫. **રોમાંચ થાય** – ક્રોધથી કર્ણના અંગ ઉપરના **રુવાંટાં** ઊભાં થઈ જાય છે.

૬૧. **જયશ્રી** – વિજયલક્ષ્મી.

૬૬. **લૂણને ભર્યું** – મીઠું ભભરાવ્યું.

૬૭. **મદ** – અભિમાન. **મૃગેન્દ્ર** – સિંહ, પ્રાણીઓનો રાજા.

૭૧. **અંગાધિરાજ** – અંગ દેશના અધિરાજ, અધિષ્ઠાતાનું પદ અર્પી, માનભંગ થયેલા કર્ણનું દુર્યોધને સન્માન કર્યું.

૭૨. મોંડ**વા** – ઓછો કરવા. નાશ કરવા.

૭૪. **અડાબીડ** – પ્રચંડ, ભય પ્રેરે તેવું મોટું.

૭૭. **કાલિંદીનીર** – યમુનાનાં જલ.

૭૮. **સમીર** – પવન, દિશાઓમાં વાતો વાયુ.

૮૨. **પાંચાલમાં** – પાંચાલ પ્રદેશમાં. પાંડવો ગુપ્તવાસમાં હતા તે સમયનું સ્મરણ યુધિષ્ઠિરના હૈયામાં જાગ્રત થાય છે.

૮૪. **વિપ્ર** – બ્રાહ્મણ. ગુપ્ત્વેશમાં રહેલા પાંડવો પરખાઈ ન જવાય તે માટે બ્રાહ્મણના વૃંદમાં જઈને બેઠા હતા.

૮૬. **યાજ્ઞસેની** – દ્રૌપદી.

**સૂતપુત્ર** – દાસપુત્ર, શૂદ્રનો પુત્ર.

૯૫. **શતધા** – સો ગણી પ્રબળતાથી, સો ગણા વેગથી.

૯૬. **મંથનાગ્નિ** – મંથન રૂપી અગ્નિ. રૂપક અલંકાર.

૧૦૫-૧૦૮. પોતાનું અપમાન થતાં, કર્ણને લાગેલો આઘાત અને સભાએ તેનો કરેલો ક્રૂર ઉપહાસ આ પંક્તિઓમાં આલેખાયો છે.

૧૧૦. **આજ્ય** – ઘી, યજ્ઞમાં હોમાતું દ્રવ્ય કે સામગ્રી. **સંવર્ધી** – ઉછેરી રહ્યા, તેમાં ઉમેરણ કર્યું.

૧૧૨. **શર્વરી** – રાત્રિ.

૧૧૩. **કાલિમા** – કાળાશ, રાત્રિનો ઘનઘોર અંધકાર.

૧૧૪. **અંભોધિ** – સમુદ્ર.

૧૨૮-૧૩૧. દ્રૌપદીના નિ:સહાય, કરુણાપૂર્ણ સ્થિતિનું ચિત્ર.

**પ્રકીર્ણકેશી** – મસ્તક પરના કેશ વેરવિખેર થઈ ગયા છે તેવી હાલતવાળી, કેશ ખેંચીને એને સભામાં ખડી કરવામાં આવી હતી તેથી. **પતિતાર્ધવસ્ત્રા** – અંગ પરનું અરધું વસ્ત્ર નીચે ઢળી પડ્યું છે; જેનું અર્ધું અંગ ઉઘાડું થઈ ગયું છે તેવી. **કંપમાના** – ભયથી કાંપતી, ધ્રૂજતી. **રજસ્વલા** – ઋતુમતી. **એકવસ્ત્રા** – આખા અંગે એક જ વસ્ત્ર ધારણ કરેલું હોય તેવી સ્થિતિમાં. સામાન્યત: સ્ત્રીઓ ઋતુમતી જ હોય ત્યારે એક જ વસ્ત્ર પરિધાન કરે છે.

૧૩૪. **વિવસ્ત્રા** – વસ્ત્ર વિનાની, ઉઘાડી, નગ્ન હાલતમાં. કર્ણ પોતાનો બધો ક્રોધ, રોષ, અને વેર દાખવવા, તથા દ્રૌપદીની અને વિશેષે કરીને પાંડવોની નિ:સહાય સ્થિતિ કટાક્ષપૂર્ણ વાણીમાં સૂચવવા, દ્રૌપદીને વ્યંગમાં 'પાંડવ કેરી રાણી' કહે છે.

૧૩૭. **તર્પતો** – પરિપૂર્ણ થતો. સંતોષ પામતો. 'વેરથી જ વેર શમે' એમ કર્ણે માન્યું', એ વિધિનો કેવો વીપર્યય !

૧૪૧. **નિબિડ** – ઘાડું, ગાઢ.

૧૪૯. **અરુણોદયરક્તિમા** – ઉષ:કાળની પૂર્વ દિશામાં પ્રગટતી લાલી, લાલ રંગ.

૧૫૦. **દુ:ખાર્તા** – અસહ્ય દુ:ખથી પીડાતી, **શ્યામ વસ્ત્રપરિવૃતા** – કાળાં વસ્ત્રોમાં વીંટળાયેલી, અંગ ઉપર કાળાં વસ્ત્રો પરિધાન કરેલી. શોકસમયમાં સામાન્યત: સ્ત્રીઓ શ્યામ વસ્ત્રો પહેરે છે.